# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 11-08-2025　　Day: Monday　　Evening : 6.25 to 6.30 Pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## ભુજમાં જિલ્લા કક્ષાની તિરંગા યાત્રા :

દર વર્ષની જેમ જ આ વર્ષે પણ સરકાર દ્વારા હર ઘર તિરંગા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત 6 ઓગસ્ટથી 15 ઓગસ્ટને સ્વતંત્રતા સપ્તાહ તરીકે ઉજવવામાં આવશે.

કચ્છમાં જિલ્લાકક્ષાની તિરંગા યાત્રા 14 ઓગસ્ટ ગુરૂવારના સવારે 8 વાગ્યે ભુજના જ્યુબિલી ગ્રાઉન્ડથી કચ્છમિત્ર સર્કલ, બસ સ્ટેન્ડ, ઑલ્ફ્રેડ હાઈસ્કૂલ થઈને હમીરસર તળાવ સુધી યોજાશે. આ વર્ષે હર ઘર તિરંગા કાર્યક્રમની ઉજવણીની થીમ હર ઘર તિરંગા, હર ઘર સ્વચ્છતા: સ્વતંત્રતા કા ઉત્સવ સ્વચ્છતા કે સંગ" રાખવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, ભુજ સહિત તાલુકાના મથકોએ પણ 14 ઓગસ્ટના તિરંગા યાત્રા યોજાશે.

---

## કચ્છની શાઆઓમાં તિરંગા યાત્રા :

સ્વતંત્રતા પર્વની ઉજવણીના ભાગરૂપે આવતીકાલે કચ્છની 2500 જેટલી શાળાઓમાં તિરંગા યાત્રા યોજાશે. આ યાત્રામાં શાળાના 3 લાખ જેટલા વિદ્યાર્થીઓ જોડાશે. જિલ્લા શિક્ષણ અધિકારી સંજય પરમારે આકાશવાણી સાથે વાત કરતા જણાવ્યું હતું કે શહેરી અને ગ્રામ્યકક્ષાની તમામ સરકારી શાળાઓમાં તિરંગાયાત્રાની પૂર્વ તૈયારીઓ ચાલી રહી છે. ભુજમાં જિલ્લા કક્ષાની તિરંગાયાત્રામાં ૨ હજારથી વધુ વિદ્યાર્થીઓ અને શિક્ષકો સહિત ૨૫૦૦ જેટલા લોકો જોડાશે.

---

## હરઘર તિરંગા-કલેક્ટર-સંસ્થાઓની બેઠક:

જિલ્લાની વિવિધ સેવાભાવી સ્વૈચ્છિક, સામાજિક સંસ્થાઓ હર ઘર તિરંગા કાર્યક્રમમાં સહભાગી થાય તે માટે જિલ્લા કલેક્ટર આનંદ પટેલના અધ્યક્ષસ્થાને બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું જિલ્લાકક્ષાની તિરંગા યાત્રાની તૈયારીઓ તેમજ તાલુકાકક્ષાએ તિરંગા યાત્રાઓ જિલ્લાના નાગરિકો અને વિવિધ સેવાભાવી, સ્વૈચ્છિક સામાજિક સંસ્થાઓના સહયોગથી યોજાય તે બાબત પર કલેકટર આનંદ પટેલે ભાર મૂક્યો હતો. આ ઉપરાંત કચ્છના નાગરિકો પોતાના રહેઠાણ, ઓફિસ પર તિરંગો લહેરાવે તેમ કચ્છ કલેકટરે અનુરોધ કર્યો હતો.

બી.એ.પી.એસ, રેડક્રોસ, આર.એસ.એસ, વેપારી મંડળો, ચેમ્બર્સ ઓફ કોમર્સ, શિક્ષણ સંઘ સહિત ઉપસ્થિત તમામ સંસ્થાઓના પ્રતિનિધિઓ સાથે જિલ્લા કલેકટરે સંવાદ કરીને કાર્યક્રમમાં સહભાગી બનવા આમંત્રણ પાઠવ્યું હતું. સેવાભાવી સંસ્થાઓ સાથે જ હોમગાર્ડ, એરફોર્સ, બી.એસ.એફ, કચ્છ યુનિવર્સિટીના પ્રતિનિધિઓએ તિરંગા યાત્રામાં સહભાગીતા અને આયોજન અંગેની જાણકારી આપી હતી.આ બેઠકમાં વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---

## રાપર-હર ઘર તિરંગા:

'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત અંતર્ગત રાપર નગરપાલીકા દ્વારા 'હર ઘર તિરંગા' અને સ્વચ્છતા ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. રાપર શહેરના તમામ સાત વોર્ડમાં 'હર ઘર તિરંગા' અંતર્ગત કાર્યક્રમોનું આયોજન વિવિધ વોર્ડના સભ્યો દ્વારા કરવામાં આવશે. આજે રાપર શહેરના નગાસર તળાવ પાસેથી સ્વચ્છતા અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી. અભિયાનના ભાગરૂપે નગરપાલિકાના તમામ વાહનો સાથે એક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલી શહેરના મુખ્ય માર્ગો પર ફરી અને નગરપાલિકા કચેરી ખાતે સંપન્ન થઇ હતી.

---

## પશ્ચિમ કચ્છમાં સરપંચ સાથે સંવાદ:

ગામડાઓમાં કોઈ ગેરપ્રવૃત્તિઓ પર રોક લાગે, કોઈ અણબનાવ ન બને તેમજ કાયદો વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે હેતુથી પશ્ચિમ કચ્છ પોલીસવડા વિકાસ સુંડાના માર્ગદર્શન હેઠળ વિવિધ ગામડાઓમાં પોલીસ દ્વારા સરપંચ સાથે સંવાદ કાર્યક્રમ યોજાયો હતો, જે પૈકી ભુજ તાલુકાના માધાપર, માનકૂવા, નખત્રાણા, અબડાસા તાલુકાના નલિયા તથા કોઠારામાં બેઠક યોજાઈ હતી અને ગ્રુપ બનાવી પોલીસને તાત્કાલિક કોઈ પણ બનાવ અંગે જાણ કરવા તેમજ વિવિધ ગેરપ્રવૃત્તિના ફોટો ગ્રુપમાં મૂકવા સૂચન અપાયું હતું. જનસુરક્ષા સુદૃઢ બને, લોકો ભયમુક્ત રહે તે માટે નખત્રાણામાં આયોજિત કાર્યક્રમમાં પોલીસવડા વિકાસ સુંડાએ પોલીસ અને જનતા વચ્ચે ઘનિષ્ઠ સંબંધો હોય તે આવશ્યક ગણાવ્યું હતું તથા સમાજમાં સારાકાર્યો કરતા લોકો પણ જનસુરક્ષામાં ભાગીદાર બને તેવી અપીલ કરી હતી.

---

## ભાડીયા નદી પર પુલનું કામ:

માંડવી તાલુકાના નાના ભાડિયા ગામમાં આવેલી નદી પર નવા બોક્સ કલ્વર્ટ પુલનું કામ પુરજોશમાં ચાલી રહ્યું છે. ધારાસભ્ય અનિરુદ્ધભાઈ દવેના પ્રયાસોથી ચાર કરોડ 80 લાખના ખર્ચે કાર્ય થઈ રહ્યું છે. આગામી સમયમાં આ રસ્તે થતી યાતાયાતને ચોમાસામાં કોઈપણ પ્રકારની અગવડનો સામનો કરવો નહીં પડે તેવો આશાવાદ પણ તેમણે વ્યક્ત કર્યો હતો. પુલના નિર્માણથી પાણીના વહેણમાં અવરોધ ઊભો નહીં થાય તથા વાહનચાલકો-મુસાફરોને પણ હાલાકી નહીં પડે. ગ્રામજનોએ પણ આ કામગીરીને બિરદાવવા સાથે આનંદની લાગણી અનુભવી હતી.

---

## રાજ્યમાં વરસાદ:

રાજ્યમાં અત્યાર સુધી મોસમનો સરેરાશ ૬૪ ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ ૬૮.૭૯ ટકાથી વધુ વરસાદ દક્ષિણ રિજિયનમાં નોંધાયો છે, કચ્છમાં ૬૫.૧૩ ટકા

અને સૌરાષ્ટ્રમાં ૫૬.૩૧ ટકા સરેરાશ વરસાદ નોંધાયો છે તેમ, સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

આજે રાજ્યના કેટલાક જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. દરમિયાન માછીમારોને 11 થી 14 ઓગસ્ટ સુધી દરિયો નહીં ખેડવા હવામાન વિભાગ દ્વારા સૂચના અપાઈ છે.

---